જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૧૦/૨૦૧૭ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૨૦૮૨/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૫૫ કેસ કરી, ૫૩ વ્યક્તિઓને ઝડપી, ૧૯૦ લીટર દેશી દારૂ, ૧૩૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬ બિયર ટીન, ૧ રિક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૩,૪૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૦૮૩/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૮૪/૧૭</u>**

**કૃષ્ણનગરઃ** હેમરાજભાઇ રામજીભાઇ ચારણ (રહે.વસંતનગરના છાપરાં ચમક ચુનાની બાજુમાં જોગણી માતાના મંદિરની બાજુમાં ઠક્કરનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા ૧૪/૧૦/૧૭ કલાક ૧/૦૦ થી કલાક ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના ધાબાની છત ઉપરની સીડી દ્વારા અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૦૩૩૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.ચોધરી ચલાવે છે.

**<u>પર્સ ઝુટવી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૮૫/૧૭</u>**

**નારણપુરાઃ** ઇલાબહેન વા/ઓ વિરેનભાઇ પટેલ (ઉ.વ.૫૭) (રહે. આરણ્ય એપાર્ટમેન્ટ મિત્રમંડલ સોસાયટી ઉસ્માનપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૦/૧૭ ના કલાક ૦૦/૪૫ વાગ્યાના સુમારે એકટીવા પાછળ બેસી પતિ સાથે નારણપુરા જનતા આઇસ્ક્રિમની સામે રૂપાલી ચાર રસ્તા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે લાલ રંગની મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ઇલાબહેન પાસેથી પર્સ ઝુંટવી લઈ નાસી ગયા હતા. જે પર્સમાં ચાંદીની હિરાજડીત બુટ્ટી કિમત રૂપિયા ૩૦,૦૦૦/-, સોનાની બુટ્ટી કિમત રૂપિયા ૨૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૭,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એલ.પારગી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૨૦૮૬/૧૭**

**સેટેલાઈટઃ** કાન્તાબહેન વા/ઓ રમેશભાઈ કબીરા (ઉ.વ.૩૩) (રહે. ગોપાલ આવાસ ઔડાના મકાનમાં જોધપુર ગામ) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૦/૧૭ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે કાન્તાબહેનના સસરા કેશાભાઈ પનાભાઈ કબીરા (ઉ.વ.૬૦) સ્ટાર બજાર પાસે ઓમ ટાવર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે રિક્ષા નંબર જીજે ૨૭ યુ ૫૮૭૪ ના ચાલકે રિક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા કેશાભાઈ કબીરાને ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી કે.કે.રાઠોડ ચલાવે છે.

**ભુલથી ઝેરી દવા પી જતાં મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૨૦૮૭/૧૭**

**મણીનગરઃ** ભરતભાઈ સાંકળચંદ શાહ (ઉ.વ.૭૧) (રહે. દિપચંદન એપાર્ટમેન્ટ ગોપાલ ટાવર સામે સ્ટેશન રોડ મણીનગર) એ તા.૧૦/૧૦/૧૭ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ભુલથી બિમારીની દવા સમજી ઝેરી દવા પી ગયા હતા. સારવાર માટે સિધ્ધિ વિનાયક હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૧૦/૧૭ કલાક ૨/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણસિહ શંકરસિહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** :- **સમાચાર યાદી નં.૨૦૮૮/૧૭**

**પાલડીઃ** સંજીવકુમાર ગિરિશભાઇ ઠક્કર (ઉ.વ.૪૯) (રહે. મહાવીર એપાર્ટમેન્ટ ૧૪ મોતીનગર સોસાયટી મહાલક્ષ્મી ચાર રસ્તા પાલડી) એ અગમ્ય કારણસર તા.૮/૧૦/૧૭ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાની જાતે પોતાના શરીર ઉપર પેટ્રોલ છાંટી દીવાસળી ચાંપી સળગી ગયા હતા. સારવાર માટે ફીનીક્સ ઇમરજન્સી ક્રીટીકલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૧૦/૧૭ સાંજના ૫/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મસઈશ્રી દિનેશભાઇ વાલજીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.